# પાલનપુરમાં ૬ ઈંચ વરસાદ ખાબક્યો

પાલનપુર, તા. ૨

ગુજરાતને ધમરોળનાર મેઘરાજાએ આખરે સરહદી બનાસકાંઠા જિલ્લામાં પણ ધમાકેદાર એન્ટ્રી કરી છે. જિલ્લા મથક પાલનપુર ખાતે છેલ્લા ૧૨ કલાકમાં ૬ ઈંચ વરસાદ થતા નીચાણવાળા વિસ્તારોમાં પાણી ફરી વળ્યાં છે. સતત ચાલુ રહેલા વરસાદને પગલે જનજીવન પણ પ્રભાવિત થયું છે.

પાલનપુર ખાતે છેલ્લા બે દિવસથી વાદળછાયા વાતાવરણ સાથે ઝરમર વરસાદ વરસી રહ્યો છે. ત્યારે છેલ્લા ૧૨ કલાકમાં મેઘરાજાએ આક્રમક તેવર દાખવતા ૬ ઈંચ વરસાદ ખાબક્યો છે. જેના પગલે શહેરના નીચાણવાળા વિસ્તારોમાં પાણી ફરી વળ્યાં છે. શહેરના અમદાવાદ હાઈવે પર આવેલી સુરજપાર્ક, એકતાનગર, બેન્ક સોસાયટી, આબુ હાઈવે પરની બાલાજી સીટી અને બ્રિજેશ્વર કોલોની સહીતની દશેક સોસાયટીમાં તથા પાલનપુર સિવિલ, એસ.ટી.બસ સ્ટેન્ડ, રેલવે સ્ટેશન, કીર્તિસ્થંભ સહિતના નીચાણવાળા વિસ્તારમાં વરસાદી પાણી ભરાતા લોકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. ત્યારે પ્રશાસન હજી સુધી ફરક્યું પણ નથી. જેને પગલે સ્થાનિક રહીશો પ્રશાસન સામે ફીટકારની લાગણી વરસાવી રહ્યા છે.

આ ઉપરાંત શહેરના આબુ હાઈવે પર સાંઈબાબા મંદિર પાસે પણ વરસાદી પાણી ભરાતા કલાકો સુધી ટ્રાફિક ખોરવાયો હતો. જયારે ધનિયાના ચોકડી પાસે પણ હાઈવે પર પાણી ફરી વળતા વાહનચાલકો અટવાઈ ગયા હતા. જયારે ગતરાતે ખાબકેલા ભારે વરસાદને પગલે છાપી હાઈવે પર પાણી ફરી વળતા ટ્રાફિક જામ થઈ ગયો હતો. જયારે ચંડીસર ગામનું ગુંદરિયા તળાવ ફાટતા પાણી હાઈવે પર ફરી વળતા ડીસા-પાલનપુર હાઈવે પણ બંધ થઈ જવા સાથે લોકોના ઘરમાં-ખેતરોમાં પાણી ફરી વળતા વ્યાપક નુકસાન થયું હોવાના અહેવાલ સાંપડ્યા છે. જયારે પાલનપુર તાલુકાના કુશકલ ગામમાં પણ ૨ ગાય મોતને ભેટી હોવાના અહેવાલ મળ્યા છે.



## ચંડીસરનું તળાવ ઓવરફ્લો

પાલનપુરના ગ્રામ્ય પંથકમાં પણ વરસાદે ભારે તારાજી સર્જી છે. ચંડીસર ગામનું ગુંદરિયું તળાવ ઓવરફ્લો થતા પાણી નીચાણવાળા વિસ્તારો સહિત હાઈવે પર ફરી વળ્યું હતું. જેના પગલે દાંતીવાડાથી ચંડીસર અને પાલનપુર-ડીસા હાઈવે બંધ થઈ ગયો હતો. જયારે કુશકલ ગામમાં ૨ ગાય મોતને ભેટી હતી. જયારે ભૂતેડી, બાદરપુરા સહિતના ગામોમાં ખેતરોમાં પાણી ફરી વળતા જમીન ધોવાઈ જતા ખેડૂતોને ભારે નુકસાન થયું હોવાના અહેવાલ સાંપડ્યા છે.



## રેલ યાતાયાત પ્રભાવિત

પાલનપુર પંથકમાં ભારે વરસાદને પગલે રેલ યાતાયાતને પણ અસર પહોંચી હતી. પાલનપુર પંથકમાં રેલવે ટ્રેક પર પાણી ભરાતા રેલ સેવા પણ પ્રભાવિત થઈ હતી. બિકાનેર-બાંદ્રા અને આશ્રમ એક્સપ્રેસને રોકી દેવામાં આવી હોવાના અહેવાલ મળ્યા હતા. ૨ કલાકની જહેમત બાદ રેલ સેવા પૂર્વવત કરાઈ હોવાના અહેવાલ સાંપડ્યા છે. જયારે ભારે વરસાદ ને પગલે એસ.ટી.ના કેટલાક રૂટ પણ બંધ કરાતા જનજીવનને વ્યાપક અસર થઈ હતી.

# મોડાસાના સાકરીયા નજીક વરસાદમાં રોડ ન દેખાતા કાર ગરનાળા સાથે અથડાતા મહિલાનુ મોત

મોડાસા, તા. ૨

રાજસ્થાનનો પરિવાર સુરત સબંધીને ત્યાં કામકાજ અર્થે જઈ પરત રાજસ્થાન તરફ ફરી રહ્યો હતો ત્યારે મોડાસાના સાકરીયા ગામની સીમમાં આવેલી પાવન રેસ્ટોરન્ટ નજીક વરસાદમાં રોડ ન દેખાતા શનિવારે વહેલી સવારે કાર રોડ પરથી ઉતરી ગરનાળા સાથે અથડાતા કારમાં સવાર મહિલાનુ



ઘટનાસ્થળે કમકમાટીભર્યુ મોત નિપજ્યુ હતુ. અકસ્માતના પગલે ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સ દ્વારા કારમાં અન્ય ત્રણ ઘાયલ વ્યક્તિઓને તાબડતોડ સારવાર અર્થે દવાખાને ખસેડાયા હતા. કાર ગરનાળામાં ઘુસી જતા અકસ્માતના પગલે દોડી આવેલી મોડાસા રૂરલ પોલીસે ક્રેઈન દ્વારા કાર ભારે જહેમત પછી કાઢી હતી.

મોડાસાના સાકરીયા નજીક આવેલી પાવન રેસ્ટોરન્ટ નજીક શનિવારે વરસતા વરસાદમાં મહીન્દ્રા ડ્વાંન્ટો કાર (ગાડી નં. આરજે.૨૭.યુએ.૫૪૩૦)ના ચાલક રાઘેવન્દ્રજી નરજીરામ સોમાણીને રોડ ન દેખાતા સ્ટીયરીંગ પરનો કાબુ ગુમાવતા રોડના સાઈડમાં રહેલા ગરનાળા સાથે ધડાકાભેર અથડાઈ ગરનાળામાં ઘુસી જતા કારમાં સવાર મહિલા સહિત ચાર વ્યક્તિઓ ઈજાગ્રસ્ત થતા મહિલાના શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા ઘટનાસ્થળે કમકમાટીભર્યુ મોત નિપજ્યુ હતુ.

ધડાકાભેર અકસ્માત થતા આજુબાજુથી દોડી આવેલા લોકોએ ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સને જાણ કરતા તાબડતોડ તબીબ પ્રમોદ પરમાર ઘટનાસ્થળે ધસી આવી કારમાં સવાર કાર ચાલક તેના પુત્ર રૂદ્ર અને નરજીરામ મેઘાજીને પ્રાથમીક સારવાર આપી દવાખાને ખસેડાયા હતા. અકસ્માતના પગલે દોડી આવેલી મોડાસા રૂરલ પોલીસે ગરનાળામાં ઘુસી ગયેલી ડ્વોન્ટો કારને મહામહેનતે ક્રેઈન દ્વારા બહાર કાઢી હતી. મોડાસા રૂરલ પોલીસે રામપાલ બલદેવસીંહ રાછી (રહે. ભીલોડા)ની ફરિયાદના આધારે કારચાલક વિરૂદ્ધ અકસ્માતે મોતનો ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. મારવાડી પરિવાર પર જાણે કુદરત રૂઠી હોય તેમ કારચાલક પત્નિનુ મોત નિપજતા પરિવાર વેરવિખેર બની ગયો હતો. ઈજાગ્રસ્ત બાળક રૂદ્ર તેની માતાના મોતના પગલે ઘાયલ હોવા છતા આક્રંદ કરી મુક્યુ હતુ.

# ચિત્રાસણીના રેલવે નાળામાં વરસાદી પાણી

પાલનપુર, તા. ૨

પાલનપુર-આબુ હાઈવે પર ચિત્રાસણી-બાલારામ વચ્ચે રેલવે



દ્વારા અંડર પાસ નાળુ બનાવેલું છે. જે નાળામાં વરસાદી પાણી ભરાઈ જતા રાહદારીઓ સહીત વાહનચાલકોને પારાવાર યાતનાઓ વેઠવાનો વારો આવ્યો છે.

ચિત્રાસણી-બાલારામના રેલવે અંડર પાસ ગરનાળામાં દર ચોમાસે વરસાદી પાણી ફરી વળે છે. વરસાદી પાણીના નિકાલના અભાવે વાહન વ્યવહાર ઠપ્પ થઈ જતા ગ્રામજનો હેરાનગતિનો ભોગ બની રહયા છે. જોકે, સમસ્યાના ઉકેલ માટે તંત્ર માત્ર ઠાલા આશ્વાસનો આપ્યા કરે છે. પરંતુ નક્કર કાર્યવાહીના અભાવે ચિત્રાસણી પંથકના ગ્રામજનોને દર ચોમાસે પારાવાર યાતનાઓ ભોગવવી પડે છે.

કુંભકર્ણની નિદ્રામાં પોઢતા તંત્રને જગાડવા માટે ગત વર્ષે દિનેશ દોશી નામના ચિત્રાસણીના એક યુવકે આત્મવિલોપનનો પ્રયાસ પણ કર્યો હતો. આમ છતાં તંત્રના પેટનું પાણીયે હલ્યું નથી. પાલનપુર પંથકમાં ૬ ઈંચ વરસાદ ખાબક્તા આ વર્ષે પણ રેલવે નાળામાં પાણી ભરાઈ જતા વાહનચાલકો ભારે હેરાનગતિનો ભોગ બની રહ્યા છે. ત્યારે પ્રસાશન લોકોની સહનશક્તિની કસોટી ન કરે તેવી માંગ જોર પકડી રહી છે.

# ગઢમાં લડબી નદીમાં ઘોડાપુર : પી.એચ.સી.બેટમાં ફેરવાયું

### કુંભાસણમાં તળાવ ફાટતા ૨૨ ગાય : ૫ વાછરડા : ૪ બકરીઓના મોત : ધાર્મિક સ્થાનોના કોટ ધરાશાયી : જનજીવન ખોરવાયુ

પાલનપુર, તા. ૨

સરહદી બનાસકાંઠા જિલ્લામાં ભારે વરસાદને પગલે જનજીવન અસ્તવ્યસ્ત થઈ જવા પામ્યું છે. પાલનપુર પંથકમાં પણ મેઘ તાંડવે ખાનાખરાબી સર્જી હતી. પાલનપુર તાલુકાના ગઢ ગામમાં લડબી નદીમાં ઘોડાપુર આવતા કુંભાસણનું ગામ તળાવ ફાટતા ૩૧ જેટલું પશુધન તણાઈ જતા મોતને ભેટયું હતું. પાલનપુર તાલુકાના ગઢ ગામમાં ભારે વરસાદના પગલે લડબી નદીમાં ઘોડાપુર આવ્યું હતું. જેને પગલે ગઢ અને મડાણામાં નીચાણવાળા વિસ્તારો પાણીમાં ગરકાવ થઈ ગયા હતા. ગઢના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં પણ માથાસમું પાણી ભરાઈ ગયું હતું. ગામમાં વરસાદી પાણી ફરી વળતા ગામમાં જવા-આવવાના મોટા ભાગના રસ્તાઓ બંધ થઈ ગયા હતા. સર્વત્ર પાણી પાણી થઈ જતા લોકો મુશ્કેલીમાં મુકાઈ ગયા હતા. અને ગ્રામજનોનું જન જીવન પ્રભાવિત થયું હતું.



## પશુધન મોતને ભેટયું

લડબીનદીમાં ઘોડાપુર આવતા કુંભાસણ ગામનું ગામ તળાવ ફાટ્યું હતું. જેને કારણે માલધારીઓના ૨૨ ગાય, ૫ વાછરડા અને ૪ બકરાં સહિતનું પશુધન તણાઈ જતા મોતને ભેટયું હતું. પાલનપુર ટી.ડી.ઓ. સહિતના અધિકારીઓ ઘટના સ્થળે પહોંચી ગયા હતા. વેટરનરી ડોક્ટરે ઘટનાસ્થળે મૃત પશુઓનું પોષ્ટમોર્ટમ કર્યું હતું. ગામના ચાર ધાર્મિક સ્થાનોમાં



કબ્રસ્તાન, મહાદેવનું મંદિર સહીતના સ્થળો ફરતે બનાવેલી કમ્પાઉન્ડ વોલ પણ ધરાશાઈ થઈ હોવા ઉપરાંત ગામમાં વીજળી ડુલ થઈ જતા લોકો હેરાન થઈ ગયા હોવાનું ગામના અગ્રણી હિદાયતુલ્લાભાઈએ જણાવ્યું હતું.

# કાંકરેજના મુખ્ય મથક શિહોરીમાં પાટણ નાળાથી મેઈન બજાર અને બનાસ કોમ્પ્લેક્ષ સર્વિસ રોડ પર ગંદકીથી ખદબદ

કાંકરેજ, તા. ૨

બનાસકાંઠામાં મેઘરાજાનુ આગમન થતા ૫ જેટલા તાલુકાઓને હાઈ એલર્ટ જાહેર કરાયા છે. જેમાં કાંકરેજને બાકાત રખાયો છે. ત્યારે શિહોરી પાટણના નાળાથી માંડી મેઈન બજાર સહિતના અન્ય



રસ્તાઓ ઉપર પાણી ભરાઈ જતા ગંદકીથી ખદબદવા લાગ્યા છે. રાહદારીઓને પારાવાર મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. જોકે ગંદકી અને કાદવકિચડથી ભયંકર રોગચાળો ફાટી નીકળશે તો તેના માટે જવાબદાર કોણ? જેવા વેધક સવાલો સ્થાનિક વેપારીઓ અને રાહદારીઓમાં ઉઠવા પામ્યો છે. આમ કાંકરેજના મુખ્ય મથક શિહોરીમાં વરસાદથી ઠેર ઠેર ગંદકી હોવા છતાં આરોગ્ય વિભાગ કે તંત્ર દ્વારા કોઈજ પ્રકારની કામગીરી ન કરાતી હોવાથી અનેક સવાલો ઉઠવા પામ્યા છે. જેથી કરી જિલ્લા તંત્ર દ્વારા લાગતાવળગતા અધિકારીઓને ધ્યાન દોરી ઘટતુ કરાવી યોગ્ય સાફ સફાઈ, દવાનો છંટકાવ, ગટર સફાઈ જેવી કામગીરી કરાવે તે જરૂરી અન્યથા ભયંકર રોગચાળો આ ગંદકી નોંતરી શકે છે જે તસવીરોમાં નજરે પડે છે.

## કંપની સમાચાર

### કામધેનુ લિમિટેડે 'કામધેનુ નેક્સ્ટ' અમદાવાદમાં લોન્ચ કર્યુ

હોમ બિલ્ડિંગ મટિરિયલ્સ માટે સંપૂર્ણ અને વન-સ્ટોપ સોલ્યુશન પુરી પાડતી કંપની કામધેનુ લિમિટેડે નેક્સ્ટ જનરેશન હાઈ-એન્ડ ઈન્ટરલોક સ્ટીલ ટીએમટી બાર 'કામધેનુ નેક્સ્ટ' લોન્ચ કર્યા છે. કામધેનુ લિમિટેડના ડિરેક્ટર સુનિલ અગ્રવાલ તથા યુઝર લાયસન્સ એગ્રીમેન્ટ હેઠળ કામધેનુ બ્રાન્ડ ટીએમના અધિકૃત ઉત્પાદક એકમના ડિરેક્ટર્સ, સોમ્સવેર ઈસ્પાત પ્રાઈવેટ લિમિટેડના યોગેશભાઈ પટેલ, અગ્રવાલ ટીએમટી ઈન્ડસ્ટ્રીઝ પ્રાઈવેટ લિમિટેડના રાજન જૈન અને પ્રદિપ અગ્રવાલે બ્રાન્ડ લોન્ચ કરી હતી. આ પ્રસંગે અમદાવાદ અને આસપાસના વિસ્તારોના ૨૦૦થી વધુ ડિલર્સ અને ડિસ્ટ્રિબ્યુટર્સ પણ ઉપસ્થિત રહેવાની આશા છે.

કામધેનુ નેક્સ્ટ એક નવીન પ્રોડક્ટ છે, જેમાં નવા પ્રકારની એન્જિનિયરિંગ સાથે મજબૂત માળખા બનાવવાની તથા કોંક્રીટ-સ્ટીલ ઈન્ટરલોક દ્વારા ૨.૫ ગણી મજબૂતાઈ પુરી પાડવાના સ્માર્ટ આર્કિટેક્ચરલ કોન્સેપ્ટ જેવી વિશેષતાઓનો સમાવેશ થાય છે. કોંક્રીટ સાથે મજબૂત જોડાણ વિકસાવી શકાય તેવા સ્ટીલ બારની જરૂરિયાતને પૂર્ણ કરવા માટે ડિઝાઈન કરાયેલા કામધેનુ નેક્સ્ટ માત્ર ટેકનોલોજીથી જ અદ્યતન નથી, પરંતુ તે ગ્રાહકની વાજબી પ્રોજક્ટસની જરૂરિયાતને પણ પૂર્ણ કરે છે.

### સ્નાઈડર ઈલેક્ટ્રિકે અમદાવાદમાં 'સ્વિચ ઓન ઈન્ડિયા' અભિયાન શરૂ કર્યુ

### ગુજરાતમાં રિટેલ કામગીરી વધારાશે

એનર્જી મેનેજમેન્ટ અને ઓટોમેશનમાં વૈશ્વિક સ્તરે સ્પેશ્યાલિસ્ટ સ્નાઈડર ઈલેક્ટ્રિક સમગ્ર ગુજરાતમાં એમસીબી, આરસીસીબી, ડિસ્ટ્રિબ્યુશન બોર્ડ, સ્વિચ એન્ડ સોકેટ જેવા લૉ વોલ્ટેજ ઈલેક્ટ્રિકલ ઉત્પાદનોમાં મોટો બજાર હિસ્સો હસ્તગત કરશે. આજે કંપનીએ અમદાવાદમાં વાન કેમ્પેઈન 'સ્વિચ ઓન ઈન્ડિયા' શરૂ કરવાની જાહેરાત કરી હતી. આ પહેલ હેઠળ સ્નાઈડર અમદાવાદમાં તેની ગ્રીન લૉ-વોલ્ટેજ ઈલેક્ટ્રિકલ ઉત્પાદનોની રેન્જ પ્રદર્શિત કરશે તથા સલામતી અને કાર્યદક્ષતા અંગે જાગૃતિ લાવવા સ્થાનિક ઈલેક્ટ્રિશિયન્સ અને રિટેલર્સ સાથે જોડાણ કરશે.

આ અભિયાન તેના રિટેલ બિઝનેસ મારફતે કંપનીના ઉત્પાદનોની સરળ સુલભતા પ્રદાન કરશે અને સમગ્ર રાજ્યમાં બજારમાં તેની પહોંચ વધારશે. લૉ-વોલ્ટેજ ઈલેક્ટ્રિકલ પ્રોડક્ટ માટેનુ રિટેલ બજાર ભારતમાં અંદાજે રૂ. ૫,૦૦૦ કરોડ છે. જેમાં ગુજરાત સહિત પશ્ચિમ ભારતનો હિસ્સો આશરે રૂ. ૧૩૦૦ કરોડનો છે. શહેરીકરણમાં વધારો અને ઔદ્યોગિક પ્રવૃત્તિમાં વૃદ્ધિ ગુજરાતમાં આ બજારની વૃદ્ધિ માટે મુખ્ય પરિબળ બની રહેશે તેવી અપેક્ષા છે.

## મેઘતાંડવ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

મેઘરાજા મહેરબાન રહ્યા હતા. રાજયનો એકપણ જિલ્લો કે તાલુકો વરસાદથી વંચિત રહ્યો ન હતો. અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ સહિતના શહેરો અને દક્ષિણ ગુજરાતથી લઈ ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છમાં જોરદાર વરસાદી માહોલ જામ્યો છે. જો કે, રાજયના કેટલાક જિલ્લાઓ અને પંથકો અવકાશી આફતના મારથી ભારે તારાજી અને સંપર્ક વિહોણા બન્યા છે. મોરબીના ટંકારામાં અત્યારસુધીમાં ૧૨ ઈંચથી વધુ વરસાદે ટંકારાનું જનજીવન તહસનહસ કરી નાંખ્યું હતું, તો ૬૦ જેટલા નિર્દોષ પશુઓ પણ તેનો ભોગ બન્યા હતા. આ જ પ્રમાણે કોડિનાર પંથકમાં ૧૯ ઈંચ અને બનાસકાંઠા જિલ્લાના થરાદ, ધાનેરા, પાલનપુર, દાંતીવાડા સહિતના પંથકોમાં અતિ ભારે વરસાદે અત્ર તત્ર સર્વત્ર પાણી પાણી કરી નાંખ્યું હતું. કોડિનારમાં તો જળબંબાકારની સ્થિતિ વચ્ચે અસરગ્રસ્ત લોકોને સલામત સ્થળે ખસેડાયા હતા. બનાસકાંઠામાં પાલનપુર અને દાંતીવાડામાં ભારે તારાજી સર્જાઈ હતી. ગઢ પંથકના કુંભાસણ ગામમાં તો ૨૭ અબોલ પશુઓ પાણીમાં ડૂબી જવાથી મોતને ભેટતાં ગામમાં માતમનો માહોલ છવાયો હતો. સૌરાષ્ટ્ર પંથકમાં શ્રીકાર વરસાદને પગલે તમામ નદી-નાળા છલકાઈ ગયા છે. પાણીનો પ્રવાહ એટલી હદે વધી રહ્યો છે કે, રસનાળ તળાવ તો તૂટી ગયુ હતું, તો બંગાવડી ડેમની કેનાલને ક્ષતિગ્રસ્ત બની હતી. રસનાળ તળાવ તૂટતા વરસાદી પાણી ખેતરોમાં અને ગામમાં ફરી વળ્યા હતા. ટંકારના દેવળિયા તાલુકામાં બાર ઈંચ વરસાદ ખાબકયો હતો, તો આ જ પટ્ટીમાં આવતા ધ્રોલ-જોડિયા, લતીપુર ગામો તો બારેમેઘ ખાંગા થતાં બેટમાં ફેરવાયા હતા. સુરેન્દ્રનગર જિલ્લા અને સમગ્ર પંથકમાં વરસાદી કહેર વરસ્યો હતો, જેને લઈ ઠેર-ઠેર કેડસમા અને તેનાથી પણ વધુ પાણી ભરાઈ ગયા હતા.

## પાણીએ ઘમરોળ્યું... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હોવાથી મુલાકાતીઓએ પણ હાલાકી વેઠવી પડી હતી. પ્રદર્શન સેન્ટરના આંતરિક માર્ગોના નિર્માણ માટે રૂ ૭ કરોડથી વધુ ખર્ચ કરવામાં આવ્યો છે. પરંતુ વરસાદી પાણીના નિકાલ માટે યોગ્ય વ્યવસ્થાના અભાવ વચ્ચે માર્ગોનુ ધોવાણ થઈ રહયુ છે. જયારે મુલાકાતીઓ પણ મુશ્કેલીમાં મુકાય તેવી સ્થિતિ સર્જાઈ છે. ભીંજાયેલા મુલાકાતીઓ એક ડોમથી બીજા ડોમમાં જઈ શકે તેવી હાલતમાં ન હોવાથી પ્રદર્શન સેન્ટર બપોરના સમયે ખાલી થઈ ગયુ હતુ. એકસ્પોના આખરી દિવસે પ્રદર્શન સ્થળને વરસાદે ઘમરોળી નાંખતા તંત્રના આયોજન અને વ્યવસ્થાની પોલ ખુલી હતી.

## કાયદો અને કાનૂન ● ૪ પાનાનું ચાલુ...

મીલ્કતના સમાંશીતના પ્રશ્ન સાથે કામ લે છે કે જે સંયુકત કુટુંબની મીલ્કતમાં રહેલા પોતાના અવિભક્ત હિસ્સાનો વસીયતી નિકાલ કર્યા સીવાય અવસાન પામેલ હોય તે વ્યક્તિના વિશેષાધિકારમાં દખલ કરતો નથી મૃતક સ્ત્રી વારસ માટે એક ભાગ સુરક્ષીત રાખવાનો પ્રયત્ન કરે તે હદ સીવાય કલમ ૬ ને પ્રબંધક ત્યારે અમલી બને છે કે જયારે મૃતકે પોતાની પાછળ એક હયાત દિકરી અથવા સીધી લીટીના વર્ગ-૧ ની નિર્દીષ્ટ થયા મુજબની કોઈ સ્ત્રી વારસદાર છોડી હોય ત્યારે સ્ત્રીને હિન્દુ વારસા અધિનિયમ મુજબ મીલ્કતમાં વિભાજન મેળવવાનો અધિકાર છે.

## અતિતની આજ ● ૪ પાનાનું ચાલુ...

ભાજપમાં જે વ્યક્તિને ભાંડતા રહ્યા, એના કહ્યાગરા થવાની કેશુભાઈ કે ગોરધન ઝડફિયા જેવી તૈયારી નથી, કરવું તો કરવું શું? મોદી-અમિત શાહ હવે તો વસંત વગડેથી ૧૦, જનપથ વાયા રાજીવ ભવનના તમાશાને જોઈને હરખપદૂડા છે. ગુજરાતમાં ૨૨ વર્ષથી ભાજપ રાજ કરે છે. આગામી વિધાનસભા ચૂંટણીમાં પાટીદાર અનામત, દલિત અને ઓબીસી આંદોલન કાળોતરો થઈને સત્તા પક્ષને નડવાની શક્યતા હતી ત્યાં શંકરસિંહ પોતે જ કૉંગ્રેસમાં યાદવાસ્થળી સરજી રહ્યા છે.

શંકરસિંહ મોવડીમંડળથી નારાજ છે તો પક્ષમાંથી 'પછેડી ખંખેરી નાંખીને' નીકળી જવાને બદલે મુદતો પાડી રહ્યા છે. કૉંગ્રેસ ફરી સત્તામાં આવે એવી ધારણા પોતે અને કૉંગ્રેસના આગેવાનો કરી રહ્યા છે, ત્યારે એમની યાદવાસ્થળી ભાજપના હિતમાં જ ચાલવાની હોય એવું વધુ લાગે છે. ૨૪ જૂને બાપુએ ગાંધીનગરમાં આક્રોશ પ્રગટાવ્યો. પોતાના ટેકેદારોને તૈયાર કર્યા, પણ એમાં ભાષણો કરનારા ઘણા એવા પણ હતા કે બાપુ પાર્ટી છોડે તો તેમની સાથે જાય નહીં. બાપુ એકલા પક્ષ છોડવાના મૂડમાં નથી, એમને પક્ષ તગડે એવી પ્રતીક્ષામાં છે. કૉંગ્રેસ મોવડી મંડળ પણ આગને ઠારવા તત્કાળ બંબાવાળાનાં પગલાં લેવાને બદલે આક્રોશને હવા આપે છે. ૨૮ જૂને પક્ષના કાર્યક્રમમાં જવાનું શંકરસિંહે કબૂલ્યું હતું, પણ ત્યાં જઈને પણ એ પક્ષ વિરોધી બફાટ કરે એવા સંજોગોમાં ગુજરાત કૉંગ્રેસે ૨૮ જૂનનો કાર્યક્રમ જ મોકૂફ રાખ્યો. ૨૯મીએ રાજીવ ગાંધી ભવનમાં રાબેતા મુજબ, ઉમેદવારો નક્કી કરવા માટે નિરીક્ષકો મળશે, એવું પક્ષ પ્રવક્તા કહે છે. જુલાઈના પ્રથમ સપ્તાહમાં બાપુ દિલ્હીમાં રાહુલબાબાને મળે એ પછીના ઘટનાક્રમ પર સૌની મીટ મંડાયેલી છે.

સો વાતની એક વાત સ્પષ્ટ છે કે શંકરસિંહ હવે ભારે ઉધામા મારી રહ્યા છે ત્યારે એ ગુજરાત કૉંગ્રેસને જીતાડવાને બદલે ખાડે લઈ જવાનું કામ કરીને ભાજપને મદદ કરી રહ્યાનું કૉંગ્રેસ મોવડીમંડળ માનવા માંડ્યું છે. બાપુને અવગણવા જતાં નુકસાન થવાની ગણતરીઓ એણે માંડી દીધી છે, પણ બાપુના તાલે હવે એ ચાલવા તૈયાર નથી. બાપુની મજબૂરી એમને બેઉ બાજુની પીડા આપી રહી છે. આવતા દિવસોનો ઘટનાક્રમ રસપ્રદ બનશે.

- haridesai@gmail.com